શ્રી.

નામદાર પાચમા જ્યૉર્જ સરકારનો રાજ્યાભિષેક મહોત્સવ.

બનાવનાર
ડાકોરનિવાસી
કવિ. અમૃતલાલ અનોપરામ ઉર્ફે આફલાતુન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
શાહ. ચંદુલાલ બાપુલાલ ધરીઆ.
ડાકોર.

ગિતિ.

અચળ રહો આ રાજા, જૉર્જ ભૂપતિ અતિ અતિ જશ પામો;
જીવો વર્ષ હજારો, તન મન કેરાં કષ્ટ સકળ વામો.

સંવત. ૧૯૬૬ કીં. ફ્રી. સન. ૧૯૧૦

શ્રી સત્યવિજય પ્રીન્ટિંગ પ્રેસમાં શા. સાંકળચંદ હરીલાલે
છાપ્યું. પાંચકુવા, નવાદરવાજા.—અમદાવાદ.

અર્પણપત્રિકા.

ના ‌દારં મહારાણાજી શ્રી જીતસિંહજી ખુમાનસીંહજી

સ્વસ્થાન માંડવા દરબાર.

સાહેબ.

શાર્દૂલવિક્રીડિત વૃત્ત.

ન્યાયી ને ધર્માત્મ ક્ષત્રિકુળના નેકી પ્રતાપી અતી.
પાળો સત્ય પવિત્ર ધર્મ નિજનો ને શુદ્ધ બુદ્ધી મતી;
જ્ઞાની ગુણ મહાન શ્રેષ્ઠ સુખદા ને ઉચ્ચ ઉદારતા,
શાન્તી સ્નેહ સદૈવ વાસ તનમાં ધારી હૃદે વીરતા.
રાજ્યેના જન કોઇને દુઃખ દિસે આનંદ સુખે સહુ,
પાળો પુત્ર સમાનપ્રેમ ધરિને શાન્તી પ્રજામાં બહુ,
વિદ્યાવાન વિશેષ નિર્મળ મતી પુણ્યાર્થ પ્રીતી સદા;
હીતસ્વી દિન લોક લક્ષ ધરિને નીવારતા આપદા.
એવા શુભ ગુણો સદાય દિસતા હીતેચ્છુ દેશી તણા,
માયા પૂર્ણ બ્રિટીશ રાજ્યપર છે જાણી સહુ આપણા,
ચાહો રાજ્યતણું સદા શુભ અતી મનો પ્રતાપો મને,
અર્પું જ્યોર્જ ભુપાળ રાજ્યપદનો આ ગ્રન્થ હું આપને.

લી. આપનો હિતેચ્છુ.

અમૃતલાલ અનોપરામ ઉર્ફે અફલાતુન.

શ્રી.

નામદાર પાંચમાં જ્યૉર્જ સરકારનો

રાજ્યાભિષેક મહોત્સવ.

શાર્દૂલ વિક્રીડિત વૃત.

શાન્તી આપી સદાય જક્ત જનને પ્રેમે પ્રજા પાળતા,
સાધે સત્ય પ્રયત્ન સુખ સહુનાં ને રાજ્ય સંભાળતા;
ન્યાયે વર્તિ વિશેષ ઐક્ય ઇછતા સંપૂર્ણ ભાવો ધરી,
તેવા નેકિ પ્રતાપવાન ભુપતી આપો અમોને હરી. ૧
રાણી શ્રી વિક્ટોરિયા જગતમાં પૃથ્વી પરે અવિયાં,
રૂડું રાજ્ય સુધારિ શ્રેય કરિયું સૌ અંતરે ભાવિયાં;
પાળ્યા પુત્ર સમાન સર્વ જનને શાન્તી ધરી સર્વદા;
વ્યાપ્યો છે જયકાર ભૂમિતળમાં રાજી પ્રજા છે સદા. ૨
માતાતુલ્ય પવિત્ર પ્રેમ ધરતાં તે રાજ્ય સંભાળતાં,
દેશી ને પરદેશિ લોક સહુને એકાત્મથી ભાળતાં;
વાધી કીર્તિ વિશેષ દેશ સહુમાં પૂજે પ્રજા પ્રેમથી,
જેના રાજ્ય વિષે ન દુઃખ વશિયું પાળી ધરા નેમથી. ૩
તે પાટે નૃપ એડવર્ડ વશિયા તેવા સ્વભાવે સદા,
ધારી ઉર ઉમંગ દેશ જનનાં દુઃખો હર્યાં સર્વદા;
પાળી પ્રેમ કરી પ્રજા નિજ તણી કીર્તિ અતી મેળવી,

સ્થાપી શાન્તિ સમગ્ર અગ્રે બનિને કોટી રિતે કેળવી, ૪
તે પાટે વળિ આજ જ્યૉર્જ વસશે ચાહે પ્રજા ઉરથી,
પાળે રીત પવિત્ર પૂર્વજ તણી શત્રુ હણે શૂરથી;
આપો ઇષ્ટ અખંડ તેજ નૃપને ને રાજ્ય રૂડું કરો,
આનંદે અમ ઉપરે હરનિશા કોટી સુકીર્ત્તિ ભરો. ૫

જીવો વિકટોરિયા—એ રાગ.

ચાહે પ્રજા સહુ અતી ઉરમાં,
વાધે જૉર્જ મહીપ જયકાર જીવો ઘણું જૉર્જજી, ટેક.
પાળો અખંડ પ્રજા અતી પ્યારથી,
જેના રાજયમાં સુખ અપાર. જીવો ઘણું જૉર્જજી,
સૂર્યકિરણ સમા જશ જાજે,
જેનો માને ભૂમીજન ભાર, જીવો ઘણું જૉર્જજી;
બળ અધીક વધો આખા વિશ્વમાં,
કળા કૌશલ્ય કોટી પ્રકાર. જીવો ઘણું જૉર્જજી,
રિદ્ધિ સિદ્ધિ અખુટ હરિ આપજો,
કાપો કષ્ટ સદાય કૃપાળ, જીવો ઘણું જૉર્જજી,
જેનો વિશ્વમાં વિજય વધારજો,
દયા રાખજો દીન દયાળ. જીવો ઘણું જૉર્જજી,
હણવા શત્રુને બળ અતી આપજો.
પીડ ટાળે પ્રજાની સદાય. જીવો ઘણું જૉર્જજી.
ઐક્ય ધારી અતી પ્રેમ આદરે,
દેખે દુઃખ ન લોક કદાય, જીવો ઘણું જૉર્જજી.

રાજા હું મેં કામકા— એ રાગ.

ધન ધન દીવસ આજનો આ તખ્ત ચઢ્યા ભૂપાળ;
જૉર્જ પાંચમા નામ ધારિયું કરવા જન પ્રતિપાળ. ૨
બાળપણે શુભ વિદ્યા પામ્યા શીખ્યા ગુણ અપાર,
સર્વ કળા સંપત્તિ પામ્યા વધિયા જશ વિસ્તાર. ૩
રાજકાજમાં નિપુણ નીવડ્યા બ્હાદૂર બળ રણવીર;
બુદ્ધિવંત અનુપ ગુણવાળા ધર્મવંત અતિ ધીર. ૪
જેની આણ ભૂમંડળ ફરતી પરમ ચતુર ગુણવાન,
યુવરાજ પદ ત્યાગી આજે થયા છત્રપતિ જાણ. ૫
એથી આનંદ અધીકો ઉપજ્યો આવે હર્ષ અપાર,
પંચમ જૉર્જ પ્રબળ જગ જીવો અવિચળ વર્ષ હજાર. ૬

સુણ સજજન સંપ્યા સમય સેહને સારૂ—એ રાગ.

સને ઓગણિસો દશ સાલ શુભકારી
થયા જૉર્જ ભૂપ આ ભારતના અધિકારી. ૭
તારીખ વીશ મે માસ મનોહર આજે,
બેઠા ભારત પતશાહ તખ્ત શુભ તાજે. ૮
વરતાવી જગમાં આણ રાજ્ય પદ લીધું,
આ ભારતનાં સદ્દભાગ્ય કાજ શુભ કીધું; ૯
વરત્યો જગમાં જશકાર હર્ષ ખુબ જામ્યો,
ધન જૉર્જ આજ પતશાહ તણું પદ પામ્યો; ૧૦
જીવો જગ વર્ષ હજાર ભૂપ ભારતનો
રહો અચળ ભૂમીપર રાજ્ય જાણજે સુખનો. ૧૧

વરતાયા વિજય અપાર જગતમાં ઝાઝા,
જીવો બહુ જશ ભંડાર જૉર્જ મહારાજા; ૧૨
રહી ચિરંજીવી આ પ્રજા પ્રેમથી પાળો,
ધરિ અંતર પ્રેમ અપાર ઐક્ય સંભાળો. ૧૩
શાન્તીમાં વસે સદાય લોક ઉમંગે,
ઝીલે સુખસાગર માંહિ રાજ્ય ગુણ રંગે; ૧૪
પ્રતિ દિવસ વધે બહુ તેજ અધિક બળ જામે,
તવ કૃપા થકી આ ભારતજન સુખ પામે; ૧૫
આ ગરિબ હિંદની પ્રજા આશિષો આપે,
બહુ તપો રાજ્ય અધિકાર પુણ્ય પરતાપે

દોહરા.

વાધો જય જય જગતમાં, પામો પૂર્ણ પ્રતાપ,
ભારત ભાગ્ય ઉદય થયું, ટાળો ત્રય વિધ તાપ. ૧૭

મનહર છંદ.

આજ તો ખુશાલી અતી વ્યાપી ભારે ભૂમીપર,
મહારાજ જૉર્જ બન્યા ભારતના ભૂપતી;
શેનશાહ પદનો સ્વિકાર સુખકાર કીધો,
તેથી ઉલટયો છે ઉર આનંદ અતી અતી;
હીંદના નિવાસી સહુ સુખનો સંબંધ શોધે,
આવ્યો એ સમય ઉર આનંદ અતી હતી;
કામના સફળ કરી પ્રજા સુખ આપવાને,

ઇચ્છેછે સદાય ભૂપ જૉર્જ ઉરમાં અતી; ૧૮
આનંદ આનંદ દીસે અવની આકાશ સુધી,
આનંદનો સૂર ઉગ્યો અવની આકાશમાં;
પ્રજાતણા અંતરમાં અતીશે આનંદ છાયો,
આનંદ પ્રકાશ કિર્ણ પ્રસર્યાં ચોપાસમાં;
શાન્તિતણો સોમ ઉગ્યો શાન્તિ પ્રસરાવી સહુ,
શાન્તિ સુખકાર રાજા જૉર્જતણા રાજમાં.
મંગળ કારજ થાય મંગળ સુગીત ગાય,
એમ પ્રજા આજે મચી સુખના વિલાસમાં. ૧૯
જાણે છે સકળ જન સુખનો સમય આવ્યો,
મહારાજ જૉર્જ સરકારતણા રાજમાં;
દુઃખના દીવસ હવે દુનિયાંથી દૂર થયા,
ઉમંગ વધ્યો છે ઉર મંગળ સમાજમાં.
મૂળથી ના દુઃખ જરા બ્રિટિશના રાજ્ય માંહી,
પુત્રની સમાન પ્રજા પાળે નીજ તાજમાં;
તેથી પણ હવે તો અધિક સુખ આપવાનું,
વચન છે જૉર્જ મહીપાળતણા રાજમાં. ૨૦
આશાના અંકુર એવા ઉગ્યા છે અધીક ઉર,
જીવો જૉર્જ શાહ એમ વદે પ્રજા સુખમાં;
અચળ રહો અમલ જૉર્જ મહીપાળતણો,
જેની છાયા નીચે લોક વસે સદા સુખથી.
દીન દીન દેશ પ્રજા સુખનાં સાધન પામે,
સંપથી સદાય પીડા પામે નહિ ભૂખથી;

ધરમમાં ધીર ધારે ભૂપ ભગવાન જાણી,
દબાય ના કદી રાજ કાજતણા દુઃખથી. ૨૧
ધરણીપતીનો ધર્મ પ્રજાનાં સંકષ્ટ કાપે,
પુત્રની સમાન પાળે લોક સહુ પ્રેમથી;
પ્રજાતણો ધર્મ એહ ભૂપ ભગવાન સમ,
પિતા તુલ્ય ગણી પુજ્ય માનવા સુનેમથી.
અધીક અધીક ઉપકાર ઉર યાદ કરી,
રાજ્યભક્ત થઇ રહે શુદ્ધ એ સ્વભાવથી;
રાજા અને પ્રજા સહુ ઐકતા આનંદ માને,
ભિન્નતા ન હોય કદી અંતર અભાવથી. ૨૨

દોહરા.

જૉર્જ ભૂપ જીવો ઘણું, કરો ભૂમિનું રાજ,
એમ સહુ ઉરમાં વદે, સુધરે સઘળાં કાજ. ૨૩
જશ પામો જગમાં સદા, પાળો પ્રજા અપાર,
ચક્રવર્તિ ભૂપાળ થઇ, જીવો વર્ષ હજાર. ૨૪
એમ લોક આશિષ વદે, અંતર પ્રેમ વિશેષ,
જય જય પામો જૉર્જ શ્રી, વિજય વધો બહુ દેશ. ૨૫

રાજ્યાધિકાર ધારણ કરતી વખતે શહેનશાહ જ્યૉર્જના સોગંદ.

સવૈયા.

ઇશ્વરનો ઉપકાર અતી તો હું ગાદીપર આવ્યો આજ,
પિતા ગુજરતાં શોક ઉરે પણ શેનશાહ સંભાળુ તાજ;
ફરજ એહ મુજ માથે મોટી રાજકુળે મુજનો અવતાર,
આર્યલાંડ ઇંગ્લાંડ રાજ્યપદ ભોગવવા વારસ નિરધાર. ૨૬
તખ્ત બેસતાં કરૂં પ્રતિજ્ઞા પ્રજા પુત્ર સમ પાળું સર્વ,
વહિવટ મૂળતણો અનુસરતાં કરૂં કામ શુભ ત્યાગી ગર્વ;
પ્રજાધર્મ પૃથ્વીનું પાલન ભૂપતિનો એ ઉત્તમ ધર્મ,
સર્વ લોકને સમાન ગણવા આચરવો નહિ કદી અધર્મ. ૨૭
દેશ અને પરદેશતણી સહુ પ્રજા પાળવા છું તૈયાર,
ભિન્ન ભેદ નવ આવે અંતર ઉંચ નીચ કો ના ગણનાર,
સર્વ પ્રજા મમ પુત્ર સમાણી ભલે હોય ગોરા કે શ્યામ;
ભલે હિંદી કે ભલે ઇરાની ભલે યુરોપી ધરિયું નામ. ૨૮
ભલે ધર્મ ખ્રિસ્તીનો પાળે ભલે સનાતન ધર્મ વિશેષ,
મુસલમાન જરથોસ્તી હોવે જૈન બુદ્ધ ધાર્યો ઉપદેશ;
એ પણ સૌને સમાન ગણતાં નહિ જુલમ કો જનને જાણ,
એકદ્રષ્ટિથી સહુને જોતાં ધર્મશાસ્ત્ર મત ગણે પ્રમાણ; ૨૯
પુર્ણ પ્રતિજ્ઞા એહ પાળતાં રાજ્યભોગ શું રૂઢી પેર,
વિદ્યા કળાતણી કરી વૃદ્ધિ આનંદ વાપે ઘેર ઘેર;

સર્વ પ્રજાને સુખ આપવા ઉત્તમ અવસર આવ્યો આજ,
માગું હું જગદિશ્વર પાસે આપો શક્તી સુધરે કાજ. ૩૦

દોહરા.

એહ પ્રતિજ્ઞા આદરી, બેઠા તખ્ત ભુપાળ,
પ્રેમાતુર સઘળી પ્રજા, બહુ જીવો જશપાળ. ૩૧
આશ અધીક અંતર ધરે, ભારતવાશી લોક,
જૉર્જ ભૂપના રાજ્યમાં સહુના શમશે શોક. ૩૨
નામદાર જૉર્જ સરકારના રાજ્યા ભિષેકથી,
હિંદવાશી પ્રજાની નવી આશાઓ.

નામદાર જૉર્જ સરકારના રાજ્યાભિષેકથી, હિંદવાશી પ્રજાની નવી આશાઓ.

ભુજંગી વૃત.

હવે વ્યાપશે દેશમાં હર્ષ ભારી,
સુખી થાય સૈકો નરો તેમ નારી;
પ્રતાપી મહારાજ માથે બિરાજે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૩૩
હવે આવશે દુઃખનો સદ્ય આરો.
મળ્યો કષ્ટ વારી મહી આ કિનારો;
અતી હિંદના દુઃખથી દીલ દાઝે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૩૪
હવેતો ગઇ આપદા સૌ હમારી,

થવાની અરે સુખ શાન્તી અપારી;
ખરી છે ઉરે વાત આ હિંદ કાજે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૩૫
ભલા શેનશાહે ઉરે આ વિચાર્યું
અતિ હિંદને સુખ દેવાજ ધાર્યું;
હવે દેશનાં દુઃખ દાલિદ્ર ભાજે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૩૬
હઠે દેશના શત્રુ સર્વે હવેતો,
મહારાજનું રાજ્ય રૂડું થવેતો;
કુડાં કર્મથી દેશના દ્રોહિ લાજે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૩૭
મરે હિંદના દ્વેશિયો થૈ દુખાળા,
કુટાશે વળી ચોર કાળા મુખાળા;
ઝુટારા લુટારા થશે પૂર્ણ પ્રાજે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૩૮
થઇ ક્રૂર આ હિંદિઓને રડાવે,
દયાહીન દુષ્ટો પ્રજાને ડરાવે;
થશે નાશ તેનો કુડાં કર્મ કાજે.
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૩૯
હવેતો મળે ધાન્ય ખાવા અમોને,
હવે દેખશું સદ્ય સારા સમાને,
રચીશું મચીશું હવે ધન્ન કાજે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૪૦

નથી પાસ કોડી હવે તો મળીશું,
નતા રોટલા શીવ લાડુ જમીશું;
પ્રતાપી અતી શ્રી મહારાજ રાજે,
થયું જૉર્જ ભૂપાળનું રાજ આજે. ૪૧
મહારાજ આ રાજ હમ્મેશ રાખે,
પ્રજા હિંદની નિત્ય આશીષ ભાખે,
જીવો જૉર્જ ઝાઝુ પ્રજા સુખ કાજે. ૪૨

સોરઠા.

જીવો વર્ષ હજાર પ્રજા સુખ દેવા સદા,
જૉર્જ મહા ભૂપાળ, આશિષ એહ પ્રજા તણી. ૪૩
આશા અંતર આજ, ઉપજી ઉત્તમ પદ મળે,
સર્વ સુધારો કાજ, પામર પ્રજા પોકારતી. ૪૪
બ્રિટિશ રાજ્યની માંહિ, સુખિયા લોક સદાય છે,
દર્શિત દુઃખ નહિ ક્યાંઇ શોભે દેશ સોહામણો.
રાજ્યભક્ત આલોક ગણે ઇષ્ટ ભૂપાળને,
માટે અંતર શોક શમાવજો ધરણીપતી. ૪૬
સુખતૃપ્તી નવ હોય હોય તેથી અધિક ચહે,
માટે તન મન માંય શાન્તી ઉપજાવો સદા. ૪૭

મનહર છંદ.

આજ તો દીવાળી ભલી ભાળી આ ભારતમાંહી,
ભલે શેનશાહ આજ તખત બિરાજ્યા;
એક બાજુ એડવર્ડ મૃત્યુથી ઉદાસી હતી,
તજી તે ઉદાસી જૉર્જ ભૂપ પાટે આવીયા;

એડવર્ડ રાયતણી ખોટ પડી ખલકમાં,
પણ કાંઈ ચાલે નહી શોકને સમાવીયા;
જૉર્જ અભિષેક થઈ ભારત ભૂપાળ બન્યા.
તેહના આનંદ થકી ગર્વ ધરી ગાજ્યા. ૪૮

કેટલાક દીન થકી દેશી ને ઈંગ્રેજ વચ્ચે,
અંતર પડેલું સ્હેજ જોતાંમાં જણાય છે;
કહે દેશી લોક દ્રોહી રાજ્ય વફાદાર નાહીં,
હિંદી બદમાસ બન્યા હાલમાં ગણાય છે;
અધીકારી એમ કહી સરકારને ભમાવે,
તેથી એક એક મન ઉલટાં ભણાય છે;
દેશીની કે સરકારતણી તો કસુર નથી,
વચમાં હરામખોર લોક ફાવી જાય છે. ૪૯

આવ્યો ઈંગરેજતણો અમલ આ દેશમાંહી,
વફાદાર પ્રજા સદા બનેલી છે ત્યારથી,
ઇસ્ટ ઈંડિયાના હાથમાંહી જ્યારે રાજ્ય હતું,
રાજ્ય પ્રિય લોક હતા રાજ્ય વ્યવહારથી;
પ્રજા તો સમગ્ર સદા રાજ્યથી સંતુષ્ટ હતી,
સ્વીકાર્યો હતો અમલ થઇ તાબેદારથી;
વિજયી વિક્ટોરીયાએ હસ્તકમાં લીધું હિંદ,
ત્યારે પણ તાબે થયા ઉંચ વફાદારથી. ૫૦

હિંદતણાં શાસ્ત્ર સહુ કહે છે પુરાની રીત,
ભૂપ ભગવાન વિષે ભેદ નવ ધારવો;
તેહનાં વચન સત્ય માની એ હિંદની પ્રજા,

શોરના મુકુટરૂપ ભૂપતીને ભાળવો;
અહિંસાનો ધર્મ સત્ય અખંડ અમારો એક,
કીડી જેવાં પ્રાણી પણ સ્નેહથી સંભાળવો;
તદા રાજ્યદ્રોહી થવા સંભવ ના દેશમાંહી,
સદા રાજ્યભક્ત રાજ્યભક્ત ગણી પાળવો. ૫૧
મહારાણી આવ્યાં રાજ્યપદ ધારી ગાદીપર,
હિંદની પ્રજાએ પુરો પ્રેમ દરશાવિયો;
અતીશે પ્રસન્ન થઇ જયતણો નાદ કર્યો,
તપો રાણી તેજ એવો સુજશ ઉચારિયો.
ઉજવી જુબીલી અતી અતી રંગ રાગ ભરી,
હિંદ રાજયભક્ત થઇ પ્રેમ તો પ્રકાશીયો;
નામદાર એડવર્ડ જ્યારે રાજ્યપતિ થયા,
ત્યારે પણ હિંદીજને હરખ જણાવીયો. ૫૨

હરિગીત.

આ વેળ પણ મહારાજ જૉર્જ ભૂપાળ માટે આવિયા,
તે સમય પણ સહુ દેશીઓએ પ્રેમપુષ્પ વધાવિયા;
રહેજો અમર આ રાજ્ય જૉર્જ નરેશ જીવો સર્વદા,
મહારાજનું પદ પામીને ટાળો સકળ જન આપદા. ૫૩
એવા અમો સહુ રાજ્યભકતો હિંદના વાસી સહુ,
ભૂપાળને ભગવાન માને અધિક ઉપમા શું કહુ;
તેવા સદા આ રાજ્યભકતો જાણજો વિશ્વાસથી,
રહેશે સદા આજ્ઞા વિષે બહુ ભૂપના આભાસથી. ૫૪

રે સર્વદા ઇચ્છે અનૂપમ રાજ્ય આ ઇંગ્રેજનું,
તપજો રવિ સમ તેજ અધિકુ જોર્જ રાજ ભૂપાળનું;
માટે તજી સહુ વહેમ અમને પુત્ર પેરે પાળજો,
મહારાજ રાજધિરાજ રૂડા હિંદને સંભાળજો. ૫૫

દોહરા.

સંપ વધારી સુખચહે ભારતવાશી જન્ન,
રાજ્યભક્ત થઇને રહે, પ્રજા અને રાજન્ન. ૫૬
એ રીતે આ દેશનું, રક્ષણ કરો સદાય,
રાંક પ્રજા આ હિંદની, ગરીબ જેવી ગાય. ૫૭
તાબેદારિ સ્વિકારિએ, અમો જોર્જ ભૂપાળ,
આજ્ઞામાં રહિએ સદા, રાખો અમ સંભાળ. ૫૮
તપો રાજ્ય શશિ સૂર્ય સમ જીવો બહુ જશ ભાણુ,
હિંદપ્રજા આશિષ વદે ભારતજનના પ્રાણ. ૫૯

સોરઠો.

અઢાર પાંસટ સાલ જુન માસ તારીખ ત્રય,
જન્મ્યો જોર્જ ભુપાલ શુભ અવસર સારો સમય. ૬૦
વિદ્યાવિવિધ અપાર લહ્યા ભેદ નૌકા તણા,
ઉત્તમ દિલ દાતાર કિધ યાત્રા બહુ અવનિમાં. ૬૧
લગ્ન કર્યાં શુભ રીત પાત્ર અધિક પરખી પરમ,
વાધી ઉત્તમ પ્રીત, મેરી મહારાણી બન્યાં. ૬૨
છત્રપતિ થઇ શાહ કુળ કીર્તિને સાચવો,
પ્રૌઢ રહો પતશાહ ભારત ભૂપ થઇ સદા. ૬૩

સુખ વાધો દિનરાત અધિક અધિક જશ પામજો,
અમૃત અંતર વાત જૉર્જ ભૂપ સુખિયા હજો. ૬૪

રાગ પુનમ ચાંદનીનો.

આજે ભારત જનને આનંદ વાધ્યો અંગમાંરે,
બેઠા એડવર્ડના તખતે જૉર્જ ભૂપાળ.
સજનો શું કહિયે આ અનુપમ દીવસ આજનોરે,
ધરિયું મહારાજાપદ નરેન્દ્ર થઇ જન પાળ. આજે

સાખી.

આપે આશિષજન પ્રજા ક્રોડ દિવાળી રાજ,
તપો તેજ ભૂપાળનું અખંડ એ શિર તાજ.
ભારત ભૂપનો સૂર સદા અવિચળ રહો રે;
વધજો બળ બુદ્ધિ ને સુયશ તણા ભંડાર;
શત્રુ સંહારી રે સુખ સદા પ્રભુ આપજોરે,
પાળે પ્રજા પ્રેમથી દિન દિન અધિક અપાર. આજે.

સાખી.

ચોપાસે ચળકી રહે ઉજ્વળ કીર્ત્તિ આપ,
વાધો આ ભૂતળ વિષે વિધ વિધ પુણ્ય પ્રતાપ.
જેનો અમલ અધીકો વ્યાપ્યો ચારે ખંડમાંરે,
માને સકળ પ્રજા આ અવની ઉપર આણ;
વશ વરતે છે જેને મોટા મોટા મહીપતીરે,
જેના વિજયપતાકા ઉડે સહુ જગ જાણ. આજે.

સાખી.

એ અધિકાર અચળ રહો માગે ભારત લોક,
પ્રજા પુત્રસમ પાળતાં સર્વ શમાવો શોક.
આ ભારતના ભૂપાળ તણો યશ વાધજોરે,
જેના રાજ્ય વિષે રહિ પ્રજા કરે કલ્લોલ,
નિત નિત નોત્તમ સુખડાં સર્વજનો અહિં ભોગવેરે,
સાચા હોજો અમૃતલાલ તણા આ બોલ. આજે.

સોરઠા.

રાજ્યતણા હિતકાર વફાદારિ જે દાખવે,
કવિતા આ સુખકાર કરે પ્રસિદ્ધી દેશમાં;
મહેલ મિનારા પુલ કે બેસારે બાવલાં,
થાશે કદિ વિણ મૂલનાશ દિસે કોકાળમાં.
કવિતા કીર્ત્તિ પ્રકાશ અચળ રહે આ વિશ્વમાં,
કદી ન તેનો નાશ પ્રકાશ નિશદિન સર્વદા;
કવિતા કીર્ત્તિ અપાર નાશ નથી કો કાળમાં,
પ્રસરે જગમોઝાર ઠામ ઠામ જન જાણશે.
શાહ સુજશ વિસ્તાર કરો પ્રસિદ્ધી સર્વમાં,
પ્રસરે પૂર્ણ પ્રકાર શાળા કોરટ જન મહી.

સમાપ્ત.

શ્રી નર્મદા નિરાશ્રીત ગોરક્ષક ફંડની ગોશાળા

સ્થળ ચાણોદ. સ્વસ્થાન માંડવા.

" अहिंसा परमो धर्म. "

સર્વે યાત્રાવાશી અને ધર્માત્માઓને વિનંતી કરૂં છું કે કેટ
સજ્જનો જેઓ ગાય માતાની સેવા કરવી એજ મુખ્ય ધર્મ :
મનુષ્યના સુખનું સાધન તથા દેશનો આધાર માને છે એવા
પુરૂષોની માગણી જણાઇ કે આ મોક્ષદાયની **શ્રી નર્મદાજી**ના પા
કાંઠા ઉપર ગાય વિગેરે અપંગ નિરાધાર મુગાં પ્રાણીના રક્ષણ
ગોશાળા નથી. તે કરવાની આવશ્યકતા છે તે વાતની મને ખ
થતાં ડાકોર નિરાશ્રીત ગોરક્ષક ફંડની ગોશાળાની શાખા તરીકે આ
પવિત્ર ક્ષેત્રમાં **શ્રી નર્મદાજી**ના આધારે "**શ્રી નર્મદા નિરાશ્રીત
ગોરક્ષક ફંડની ગોશાળા.**" એ નામથી ગોશાળા નેક નામદાર
દયાળુ મહારાણા શ્રી જીતસિંહજી સ્વસ્થાન માંડવા દરબાર સાહેબની
પૂર્ણ કૃપા તથા સહાયતાથી સ્થાપવામાં આવી છે જે ગોશાળા ચાં-
ણોદ સ્ટેશનપર જતાં સડકની ડાબી બાજુ માતાજીના મંદિર પાસે છે,
જેમાં ડાકોરની માફક ગાયો વિગેરે નિરાધાર પ્રાણીનું પાલણપોષણ
કરવામાં આવશે. તેનો વહીવટ કરવા ડાકોર પાંજરાપોળના વહીવટદાર
મેહેતા. પ્યારેલાલ અમૃતલાલને નિમ્યા છે. તેમજ કારકુન, ઉપદેશક, ગો-
વાળ તથા ગોશાળાની સંભાળ રાખવાની યોગ્ય વ્યવસ્થા કરી છે. માટે
મદદ આપીને મુંગા પ્રાણીનો આર્શિર્વાદ લેશો એજ વિનંતી. નાણાં
વિગેરે આપનારને પહોંચ મળશે. સંવત ૧૯૬૬ ચૈત્ર માસ.

મેહેતા. અમરતલાલ અનોપરામ ઉર્ફે આફલાતુન

ગોરક્ષક સ્થાપક.